

# હું એવી જ છું

## ડૉ. પૂર્ણિમા નાડકર્ણીની સ્પષ્ટ રજુઆતો

**મારે એ પુરવાર કરવું હતું કે દીકરીઓ દીકરાથી સવાઈ હોઈ શકે છે. મારા એ સંકલ્પે જ મને આ બળ આપ્યું છે**

ડૉ. પૂર્ણિમા નાડકર્ણી. તબીબી ક્ષેત્રે જાણીતું અને ચર્ચાસ્પદ નામ છે. એમ કહેવાય છે કે તેઓ આખાબોલાં છે. આ ઉપરાંત પણ એમના વ્યક્તિત્વ વિશે ઘણી વાતો ચર્ચાતી હશે પરંતુ એક તબીબ તરીકે એમની તબીબી દક્ષતા પર કદી યે આંગળી ચીંધાઈ નથી.

ચર્ચાતા તથ્યમાં સત્ય કેટલું છે તે જાણવા ‘પ્રાણવાયુ’એ એમની મુલાકાત લીધી. પ્રસ્તુત છે એ મુલાકાતમાં જાણવા મળેલી ડૉ. પૂર્ણિમા નાડકર્ણીની કેટલીક અંગત તેમ જ જાહેર વાતો.

ડૉ. પૂર્ણિમા નાડકર્ણી મૂળ વાપીનાં પ્રસૂતિનિષ્ણાત (ગાયનેકોલોજીસ્ટ) તબીબ છે. સુરતમાં પણ એમની શાખાઓ છે. એમના વ્યક્તિત્વનો મૂળથી ચિતાર મેળવવા અમે ચર્ચાનો પ્રારંભ એમના બાળપણથી કર્યો. પ્રત્યુત્તરમાં જે હકીકત તેઓ વર્ણવે છે તેમાંથી એમના વ્યક્તિત્વનો ચિતાર તો મળે જ છે, કિન્તુ એમની સફળતાનું રહસ્ય શું છે તે પણ ખબર પડે છે. મુલાકાત દરમ્યાન તેમણે નિખાલસતાથી જણાવેલી હકીકતો અત્રે પ્રસ્તુત છે.

**આપનું બાળપણ કેવું હતું ?**

બાળપણ ખૂબ ગરીબાઈમાં વીત્યું છે. પિતાશ્રી બેંકમાં સામાન્ય કર્મચારી હતા. પરિવારમાં માતા-પિતા ઉપરાંત અમે ચાર ભાઈ-બહેનો હતાં. મારી એક ફોઈ મૂકબધિર હતી. એ પણ એનાં ચાર સંતાનો સહિત અમારે ત્યાં જ રહેતી. અગિયાર જણના કુટુંબને સમાવવા પિતાશ્રી પાસે માત્ર

એક બેડરૂમ, એક હોલ, કિચનનું મકાન હતું. ખાણી-પીણી અને વસ્ત્રોની બાબતે હંમેશા તંગી રહેતી. ગુજરાન અને રહેઠાણ હંમેશા પીડાકારક પ્રશ્નો બની રહેતા. જો કે શિક્ષણ માત્ર અમારા માતા પિતાએ અમને સારું આપ્યું.

**તમે બાળપણથી જ એવાં છો, જેવાં આજે છો?**

કેવી છું? એ તમે નક્કી કરી લેજો. વાત કરું છું. ઈ.સ. ૧૯૬૫/૭૦ ના સમયગાળાની. ત્યારે હું ૧૦/૧૫ વર્ષની મુગ્ધ બાલિકા હતી. પરંતુ મારી સમજ પુખ્ત હતી. તે સમયે સ્ત્રી અને પુરુષ (દીકરી અને દીકરો) એવો સામાજિક લૈંગિક ભેદભાવ અત્ર-તત્ર સર્વત્ર ચરમસીમાએ હતો. મારા પરિવારમાં હું પણ આ ભેદભાવનો શિકાર હતી. મારી માતા મને સ્ત્રી હોવાનો અવારનવાર અહેસાસ આપતી.

ભાઈઓ અંગ્રેજી માધ્યમમાં ભણતા અને અમને બહેનોને પ્રાદેશિક (મરાઠી) ભાષાની સ્કૂલમાં દાખલ કરાયાં હતાં. મને આ સામાજિક લૈંગિક ભેદભાવ જરાય પસંદ નહોતો. આ સંદર્ભે મારા મનમાં અસંખ્ય સવાલો ઊઠતા અને હું ભીતરથી સમસમી ઊઠતી.

શું સ્ત્રીઓ સક્ષમ કે સમર્થ ન હોઈ શકે? શું એમને પણ સમાજમાં, પરિવારમાં માન-પાન-સ્થાન ન મળી શકે? આવા અસંખ્ય પ્રશ્નોની ગૂંચમાંથી નીકળવા મેં સંકલ્પ કર્યો. હું એ પુરવાર કરીશ કે દીકરીઓ દીકરા જેવી જ કે તેથી સવાઈ હોઈ શકે.

**આ પુરવાર કરવા તમે શું કર્યું ?**

હું સ્કૂલમાં છોકરાઓ જે રમતો રમતા તેવી રમતોમાં ભાગ લેવા માંડી. બાસ્કેટ બોલ, લંગડી ખો-ખો ઈત્યાદિ. ખો-ખો ટીમની હું કેપ્ટન હતી.

**આ રમતોથી તમારો સંકલ્પ સિદ્ધ થયો?**

રમતો તો શરૂઆત હતી. મને સફળતા મળી ૧૯૭૨ માં, જ્યારે હું સંપૂર્ણ મહારાષ્ટ્રમાં અગિયારમા ધોરણમાં (બોર્ડમાં) પ્રથમ આવી. મારે માટે તેમ જ મારા પરિવાર માટે આ એક મોટી સિદ્ધિ હતી. વર્તમાનપત્રોવાળા મુલાકાત લેવા મારે ઘરે આવ્યા. મેં મારી મુલાકાત લેનાર સર્વને એક જ વાત કહી : 'મારે એ પુરવાર કરવું હતું કે દીકરીઓ દીકરાથી સવાઈ હોઈ શકે છે. મારા એ સંકલ્પે જ મને આ બળ આપ્યું છે. આ ઘટનાથી પરિવારમાં મારા પ્રત્યેની માન્યતા બદલાઈ.'

**પછી તો મનગમતી કોલેજમાં દાખલ કરાવ્યાં હશે તમને તમારા પરિવારે?**

પરિવારે તો મનગમતી કોલેજમાં દાખલ ન કરી પરંતુ મેં




**ડૉ. પૂર્ણિમા નાડકણી વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી તેમ જ ગુજરાતનાં વર્તમાન મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલ સાથે (બે વર્ષ પૂર્વેની ફાઈલ તસવીર)**

એવી કોલેજ (જય હિંદ કોલેજ) મારે માટે પસંદ કરી જ્યાં છોકરાં-છોકરીઓ વચ્ચે ભેદભાવની પરંપરા ન હોય.

**શું તમે વિદ્રોહી છો?**

ના. હું ભાગ્યવાન છું. પરમાત્માની લાડકી છું. મને જે જોઈએ તે મળે છે.

**આ વાત કોઈ શી રીતે માને ?**

દાખલા આપી શકું એમ છું. તેમાંથી એક બે તમને કહું.

મને બાળપણથી જ ડૉક્ટર થવાની ઈચ્છા હતી. અમારા પરિચયમાં એક મહિલા ગાયનેક ડૉક્ટર હતાં. ડૉ. નાડકર્ણી. હું ડૉ. નાડકર્ણીના વ્યક્તિત્વથી એટલી પ્રભાવિત હતી કે મેં મનોમન નક્કી કરી લીધું કે હું પણ ડૉક્ટર બનીશ અને ડૉક્ટર નાડકર્ણી જ બનીશ. અર્થાત્ એવી વ્યક્તિને પરણીશ કે જેની સરનેમ (અટક) નાડકર્ણી હોય. અને જુઓ, આજે હું ડૉક્ટર પણ છું અને મિસિસ નાડકર્ણી પણ.

**આ માટે તમે કોઈ પ્રયત્ન કરેલા?**

બિલકુલ નહીં. હા! તે વખતની અરેંજ મેરેજની પદ્ધતિ મને બિલકુલ પસંદ ન હતી. કોઈ આવે, મને જુએ, રિજેક્ટ કરે... મારે અરેંજ મેરેજ કરવા જ ન હતા.

**તો શું તમે પ્રેમલગ્ન કર્યા છે?**

ઉત્તર છે : હા પણ અને ના પણ. મેં અરેંજડ લવમેરેજ કર્યા છે. મિસિસ નાડકર્ણી (ડૉ. નાડકર્ણી) બનવું મારું સપનું તો હતું જ કિન્તુ કિશોર (ડૉ. કિશોર નાડકર્ણી)ને પતિ તરીકે પામી હું ધન્યતા અનુભવું છું.

**દારુણ ગરીબી, ભેદભાવયુક્ત વાતાવરણ... આ અવરોધોને પાર કરી ડૉક્ટર થવું સહેલું તો નથી જ, તમે આ શી રીતે કર્યું ?**

**હું એક ડૉક્ટર તરીકે જ નહીં કિન્તુ એક વ્યક્તિ તરીકે પણ મારાં દર્દીઓનું હિત ઇચ્છું છું, જરૂર લાગે તો દર્દીના નામ જોગ અનુષ્ઠાન કરું છું. હું એમના માટે સાચા હૃદયથી પ્રાર્થના કરું છું. જ્યારે જ્યારે ભ્રુણ ફલિત કરવા મૂકું છું ત્યારે ત્યારે તેની શ્રેષ્ઠતા અને સફળતા માટે પણ હું પ્રાર્થના કરું છું**

હકીકત એમ છે કે મેટ્રિકમાં સંપૂર્ણ મહારાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ હોવાથી મને ઘણી જગાએથી સ્કોલરશીપ મળી હતી, મળતી હતી. જેના લીધે જ મારું આગળનું શિક્ષણ તેમ જ તબીબી શિક્ષણ શક્ય બન્યું.

**તમે ડૉક્ટર તો થયાં પણ ડૉક્ટર તરીકે સફળ કઈ રીતે થયાં? તમારી તબીબી સફળતાનું રહસ્ય શું છે?**

હું મારી તબીબ તરીકેની જવાબદારી સચોટ રીતે નિભાવું છું. હું એક ડૉક્ટર તરીકે જ નહીં કિન્તુ એક વ્યક્તિ તરીકે પણ મારાં દર્દીઓનું હિત ઈચ્છું છું, સફળતા ઈચ્છું છું. મારાં ઘણાં દર્દીઓ મને કહી જાય છે કે : મેડમ, તમારા હાથમાં જાદુ છે.

મને મારી તબીબીદક્ષતા પર વિશ્વાસ છે. ગૌરવ છે.

મારી તબીબીદક્ષતા ઉપરાંત મને મારી સિક્સ સેન્સ (ઈન્ટ્યુશન પાવર) પર પણ ગૌરવ છે. દર્દી મારી ચેમ્બરમાં પ્રવેશતાં જ મને ખ્યાલ આવી જાય છે કે તેની સમસ્યા શું છે.

હું દર્દીનો ચહેરો જોઈને કળી જાઉં છું કે તે કેન્સરથી પીડિત છે અથવા તેને બાળક નથી અથવા તે જાતીય સમસ્યાથી ત્રસ્ત છે વગેરે, વગેરે. હું સારવારમાં મારા અભ્યાસ, અનુભવ કૌશલ્ય ઉપરાંત આ બાબતને પણ ઉપયોગમાં લઉં છું.

હું મારાં દર્દીઓને મારો-મારા પરિવારનો એક અવિભાજ્ય અંગ ગણું છું. તે સર્વની સફળતા માટે હું અનુષ્ઠાન પણ કરું છું. જરૂર લાગે તો દર્દીના નામ જોગ અનુષ્ઠાન કરું છું. હું એમના માટે સાચા હૃદયથી પ્રાર્થના કરું છું. જ્યારે જ્યારે ભ્રુણ ફલિત કરવા મૂકું છું ત્યારે ત્યારે તેની શ્રેષ્ઠતા અને સફળતા માટે પણ હું પ્રાર્થના કરું છું.

**હું ઘરેણાં વસાવવા કરતાં જરૂરી ઉપકરણો અને અન્ય જરૂરી સામગ્રી વસાવવાનું પસંદ કરું છું**

મારા કાર્યક્ષેત્રની જરૂરી સર્વ બાબતોથી હું અપડેટ રહું છું. તે માટેનું શિક્ષણ હું સતત મેળવતી રહું છું. આ સંદર્ભે જ્યારે જ્યારે વિદેશ જાઉં છું ત્યારે ત્યારે એ બાબત ખાસ ખ્યાલ રાખું છું કે ત્યાં જે શ્રેષ્ઠ છે અને આપણે ત્યાં એ નથી તે અહીં લાવવાનો ઉપક્રમ કરું છું.

હું તબીબ તરીકેની તેમ જ હોસ્પિટલના સંચાલક તરીકેની જવાબદારીઓને પરિપૂર્ણ રીતે સમજું છું અને નિભાવું છું. હું ઘરેણાં વસાવવા કરતાં જરૂરી ઉપકરણો અને અન્ય જરૂરી સામગ્રી વસાવવાનું પસંદ કરું છું.

**સાંભળ્યું છે કે તમારું વ્યક્તિત્વ આખાબોલું છે. આ સાચું છે? જો હા, તો આ સ્વભાવને લીધે તમને ફાયદો થાય છે કે નુકસાન?**

આખાબોલા કહો, મોંફાટ કહો, જે શબ્દ વાપરવો હોય તે વાપરો. દરેકને પોતાની અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. જે જેવું સમજશે તે તેવું કહેશે. હું મારા એ સ્વભાવના પાસાને મુક્તતા કહું છું. સહજતા કહું છું. મને સાહજિક રીતે જ જે જેવું હોય તે તેવું જોવાની - કહેવાની ટેવ છે. હૃદયમાં દંભ અને જીભ પર માખણ લગાવીને હું વાતને ગોળ-ગોળ નથી ફેરવી શકતી. શક્ય છે મારી આ વાત કેટલાકને ગમતી હોય તો કેટલાકને ન પણ ગમતી હોય. તો હું શું કરું? હું તો કોઈના વિશે કશું કહેતી નથી. હું લોકોને તેઓ જેમ છે તેમ સ્વીકારું છું. ગમે તો મિત્રતા કરું ન ગમે તો અળગી રહું છું. તેવી જ રીતે હું જેવી છું તેવી જો તમને માન્ય ન હોઉં તો દૂર રહો ભાઈ, સ્વયં પણ મુક્ત રહો ને મને પણ મુક્ત રીતે જીવવા દો. સાચું કહેવું જો ક્ષતિ હોય તો આ ક્ષતિ મારામાં છે. હું એવી જ છું.

**તબીબી ક્ષેત્રમાં માર્કેટિંગ અંગે તમારાં શું મંતવ્યો છે?**

તબીબી ક્ષેત્રની ઘણી વાતો એવી છે, જે સામાન્ય જનતા સુધી પહોંચવી જરૂરી છે. તો જ તો લોકોમાં સારવાર અંગેની જાગૃતિ આવશે ને!? કહેવાનો અર્થ એ જ કે માર્કેટિંગનો

**કટપ્રેક્ટિસ અને કિકબેગ્સ. આ બે બાબતો (દૂષણો) મને બિલકુલ નથી ગમતી. આ બે એવાં દૂષણ છે કે જે ત્વરિત દૂર થવાં જોઇએ**

ઉદ્દેશ લોકજાગૃતિ હોવો જોઈએ. સમાજમાં પ્રવર્તતી તબીબી સારવાર અંગેની ભ્રમણાઓ દૂર કરવાનો હોવો જોઈએ. આજે ક્યા ક્ષેત્રમાં માર્કેટિંગ નથી?

જો કલાકારો માર્કેટિંગ દ્વારા એમની કળા-કૌશલ્ય દર્શાવતા રહે છે તો એ જ કળા-કૌશલ્ય જો તબીબમાં તબીબી ક્ષેત્રનું હોય તો તેને શું કામ ન દર્શાવવું જોઈએ? અલબત્ત આગળ કહ્યું તેમ માર્કેટિંગનો હેતુ લોકજાગૃતિ જ હોવો જોઈએ.

**તમારી હોસ્પિટલમાં ચોક્કસ તારીખે, ચોક્કસ સંખ્યામાં બાળકો જન્મે છે એ શું છે? માર્કેટિંગ છે? કે માર્કેટીંગ માટેની સ્ટ્રૅટેજી ?**

ન માર્કેટિંગ છે .ન તો માર્કેટીંગ માટેનું ગતકડું. આ એક શ્રેષ્ઠ આયોજનની કળા છે. તમારો પ્રશ્ન ખૂબ ઉમદા છે, જેને વિગતવાર સમજવો પડશે.

આ આયોજનને સાકાર કરવા અમે વર્ષ પૂર્વેથી તૈયારી કરીએ છીએ. જો કે આ આયોજન સફળ થાય તે માટે પૂરતા પ્રમાણમાં દર્દીઓ તમારી પાસે હોવાં ઘટે.

અમે વર્ષ પૂર્વે જ કેટલાંક દર્દીઓને આ વાતની જાણ કરીએ છીએ કે ફલાણી ચોક્કસ તારીખે હોસ્પિટલમાં તે તારીખની સંખ્યા મુજબનાં બાળકોનો જન્મ થનાર છે - કરાવવામાં આવનાર છે. તમારી પ્રસૂતિની તારીખ પણ એ સમયગાળા દરમિયાન જ આવે છે. તો શું તમે આ રચનાત્મક વિચારમાં સહભાગી થવાનું પસંદ કરશો?

તમે માનશો નહીં, અપેક્ષાથી વધુ દર્દીઓ અમારી આ રચનાત્મકતામાં જોડાય છે. ઘણાંને ના કહેવી પડે છે.

હવે જુઓ, અમારે ત્યાં વર્ષે દહાડે એક હજારથી વધુ પ્રસૂતિઓ થાય છે. આ સંખ્યાના બળ પર જ અમે આ રચનાત્મક આયોજન કરીએ છીએ.

તમે જ કહો, કોણ એવું હશે કે જેને ચોક્કસ વાર, તિથિ, તારીખ પ્રમાણે તેનું બાળક જન્મે તે ન ગમે?

જેવું અમારે ત્યાં થાય છે તેવું કોઈ પણ કરી શકે. ફરક

**તમે તમારા ત્રણ દાયકા ઉપરાંતના અનુભવમાંથી નવોદિત તબીબો માટે કોઈ સંદેશ સૂચવશો?**

જરૂરથી.

જેટલી મહેનત કરશો એટલું કમાશો. જેટલા સૈદ્ધાંતિક (એથિકલ) રહેશો એટલા જ નિરાંતથી સૂઈ શકશો. યશ, કીર્તિ પ્રસિદ્ધિથી મહત્ત્વનો છે હૃદયનો સંતોષ. માટે જ પ્રેક્ટિસનો મૂળ હેતુ પૈસો નહીં, પરંતુ દર્દીનો સંતોષ હોવો જોઈએ. વિકાસ માટે રૂપિયાથી વધુ મહત્ત્વનું છે આંતરિક સત્ત્વ. તે હશે તો બધું જ આપમેળે મળશે.

માત્ર એ છે કે આ રચનાત્મક વિચારની શરૂઆત અમે કરી હોવાથી અમારું નામ ચર્ચાય છે.

**તબીબી ક્ષેત્રમાં એવું શું છે જે ન હોવું જોઈએ? અથવા તબીબી ક્ષેત્રની કઈ વાત તમને નથી ગમતી?**

કટપ્રેક્ટિસ અને કિકબેગ્સ. આ બે બાબતો (દૂષણો) મને બિલકુલ નથી ગમતી. આ બે એવાં દૂષણ છે કે જે ત્વરિત દૂર થવાં જોઈએ.

કટપ્રેક્ટિસ એટલે તમે મને દર્દી મોકલો તો હું તેના પર તમને કમિશન આપીશ અથવા હું તમને જો દર્દી મોકલું તો મને કમિશન મળશે? આ શું છે?

કિકબેગ્સ એટલે પાછળથી, કમિશન, દલાલી મેળવવી તે. સૌમ્ય રીતે તેને 'આપણી પર નજર રાખજો ભાઈ' એવું કહેવાય છે .આ ઘટના જે મોટી મોટી હોસ્પિટલ હોય તેમાં ઘટે છે. પરિણામે ઉપકરણો હોસ્પિટલોને મોંઘાં પડે છે. અને તે મોંઘવારી છેલ્લે દર્દીના માથે પડે છે. બધે જ, બધા જ ડૉક્ટરો આવાં હોતાં નથી. પરંતુ જ્યાં જેટલાં હોય એમને બોધપાઠ મળવો જોઈએ. મારે તો એટલું જ કહેવું છે કે આ દૂષણોનો જડમૂળથી નાશ થવો જોઈએ.

**આ બધી વ્યસ્તતામાં તમે પરિવારને ન્યાય આપી શકો છો?**



ડૉ. પૂર્ણિમા નાડકર્ણી વિવિધ સેલિબ્રિટીઓ સાથે

બિલકુલ. સો ટકા. મારાં વયોવૃદ્ધ સાસુ-સસરા માટે હું એમની કાળજી લે, દેખરેખ રાખે તેવી વહુ છું, પતિ માટે બેસ્ટ પત્ની છું, મારાં સંતાનો માટે ઉત્તમ માતા છું અને મારી વહુ અને જમાઈ માટે પ્રેમાળ સાસુ છું. મારાં પૌત્ર-પૌત્રીઓ માટે એમના પર વહાલનું આકાશ રેલાવતી દાદી છું. શક્ય હોય તેટલી વાર હું જાતે રસોઈ કરી સહુને જમાડવાની આગ્રહી છું. દરેક રૂપમાં શ્રેષ્ઠ પુરવાર થવું એ મારી આદત છે. હું એક પૂર્ણ સ્ત્રી છું, જેનું મને ગૌરવ છે. અને આ બધું દેખાડો કે કોઈ પણ પ્રકારની યશપ્રાપ્તિ માટે નથી. પરંતુ હું એવી જ છું. અશક્ય એ શબ્દ મારા શબ્દકોષમાં જ નથી. મારા સંપૂર્ણ પરિવાર ઉપરાંત હું મારી પણ પૂરતી કાળજી લઉં છું. રોજ હું સાડાપાંચ-પોણા છ વાગ્યે ઊઠી જાઉં છું અને નિયમિત યોગા, સાઈકલીંગ, સ્વીમીંગ, વોકિંગ, જોગીંગ જેવી કસરતો કરું છું. એટલે જ તો ૫૯ મા વર્ષે પણ સ્વસ્થ છું. અને ૮૦ વર્ષ સુધી આમ જ સ્વસ્થ રહેવાની ઈચ્છા છે. ઉપરાંત નક્કી સમયે હું મારા તબીબી ક્ષેત્રનાં વિદ્યાર્થીઓને ભણાવું છું તેમ જ ચોક્કસ સમયે હું મારાં દર્દીઓ માટે હાજર રહું છું. હું વ્યાવસાયિક, સામાજિક, અંગત તેમ જ પારિવારિક જવાબદારીઓ સારી રીતે નિભાવી જાણું છું. હું એવી જ છું.

**તમે તમારી સફળતાનું શ્રેય કોને આપશો?**

મારી સાથે કાર્ય કરનાર પ્રત્યક્ષ કે પરોક્ષ દરેક વ્યક્તિને - દરેક શક્તિને. જો કે તેમાં હું અવ્વલ સ્થાને મૂકીશ મારા પતિ ડૉ. કિશોર નાડકર્ણીને.

ડૉ. પૂર્ણિમા નાડકર્ણી ગર્ભશ્રીમંત નહોતાં. એમણે સંઘર્ષો અને અભાવોના અંધકારમાં સંકલ્પના-કૌશલ્યનાં બીજ વાવ્યાં છે અને તેમાંથી ઉગાડ્યાં છે સફળતાનાં સોનેરી કિરણો. એમની સફળતા ઉપરછલ્લી નથી. એમની પાસે જીવનનું એક



દર્શન છે અને આયોજન પણ.

'હું એવી જ છું' એવું ગર્વભેર સ્વીકારનાર ડૉ. નાડકર્ણી આજે જે મુકામ પર છે ત્યાં એમને શું કહી શકાય? તેમ છતાં અત્રે એટલું તો કહેવું જ જોઈએ કે સત્યમાં સૌમ્યતા જો ભળશે તો વ્યક્તિસૌંદર્ય ઔર મહોરી ઊઠશે. કારણ ડૉ. પૂર્ણિમા નાડકર્ણી એક ઊર્જાવાન (શક્તિ) સ્ત્રી છે અને ઊર્જાને દિશા તેમ જ ગતિ અનિવાર્ય છે.



**ડૉ. પૂર્ણિમા નાડકર્ણી આશાનું કિરણ છે, એ સર્વ દીકરીઓ માટે કે જેઓ આજે પણ સ્ત્રી-પુરુષ જેવા ભેદભાવનો શિકાર છે. એમની સંકલ્પશક્તિ અને કાર્યકુશળતા માત્ર કોઈ પણ તબીબને જ નહીં પરંતુ કોઈ પણ ક્ષેત્રની વ્યક્તિ માટે પ્રેરણા સમાન છે. દર્દીઓ માટે પ્રાર્થનાઓ તેમ જ અનુષ્ઠાન કરનાર આ ડૉક્ટરના હાથે વિશ્વને કલ્યાણકારી હોય તેવી ચેતનાઓ જન્મે એવી શુભેચ્છા**